# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

### બાળ - ૨ : પ્રેક્ટિસ પેપર - ૭

### જવાબપત્ર - ૭

સમય : ૨ કલાક
કુલ ગુણ : ૧૦૦

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(અફીણ, નિર્ગુણાનંદ, અદ્‌ભુતાનંદ, ૧૯, ઝીણાભાઈ, ૧૮)**

૧. ઓગણીસમાને દીક્ષા આપી, તેનું નામ **અદ્‌ભુતાનંદ** પાડ્યું.

૨. ભાદરાના **નિર્ગુણાનંદ** સ્વામી શ્રીજી મહારાજના પ્રિય હતા.

૩. શ્રીજીમહારાજે **ઝીણાભાઈ** ની નનામી ઉપાડી.

૪. વડતાલ જવાના બદલે સ્વામીએ **૧૯** માંદા સાધુની સેવા કરી.

૫. મૂળુભા **અફીણ** વ્યસની હતું.

**વિભાગ-બ**

**(ઘરમંદિર, જેરામ બ્રહ્મચારી, સેવા, ભગવાન, શ્રવણ, વિનય)**

૬. સાધુઓ **સેવા** કેવી રીતે કરવી એમ શીખવે.

૭. આંધળા મા-બાપની સેવા કરનાર બાળકનું નામ **શ્રવણ** હતું.

૮. ઘરને પવિત્ર બનાવવા **ઘરમંદિર** જરૂરી છે.

૯. અગિયારશ/એકાદશી કરીએ તો **ભગવાન** રાજી થાય છે.

**૧૦. જેરામ બ્રહ્મચારી** એ 'મારે ઘેર આવજો' થાળની રચના કરી. / થાળ બનાવ્યો.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | હરિભક્તોની પ્રાર્થનાથી શ્રીજીમહારાજ થાળ જમી ગયા. | **૧.** | ✗ |
| **૨.** | મૂંજા સૂરુના ગુરુ ગુણાતીતાનંદ સ્વામી હતા. | **૨.** | ✓ |
| **૩.** | પાણિનિએ હિંદી ભાષાનું વ્યાકરણ બનાવ્યું. | **૩.** | ✗ |
| **૪.** | ગુણાતીતાનંદ સ્વામી વરતાલમાં નેવાની નીચે ઊભા રહી દર્શન કરતા હતા. | **૪.** | ✗ |
| **૫.** | જે મહારાજની ભક્તિ કરે તે મહારાજનો. | **૫.** | ✓ |
| **૬.** | મહારાજ ગઢડામાં ગોપીનાથનું મંદિર બંધાવતા હતા. | **૬.** | ✓ |
| **૭.** | જગજીવન અમદાવાદના સૂબાનો દીવાન હતો. | **૭.** | ✗ |
| **૮.** | ભજન કરવાની ઉંમર ઘડપણ છે. | **૮.** | ✗ |
| **૯.** | પ્રમુખસ્વામી મહારાજને ૨૮ વર્ષની ઉંમરે સંસ્થાના પ્રમુખ બનાવ્યા. | **૯.** | ✓ |
| **૧૦.** | પ્રહ્લાદની રક્ષા કરવા ભગવાને મત્સ્યાવતાર ધારણ કર્યો. | **૧૦.** | ✗ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** મહારાજ ક્યા મંદિરના બાંધકામ માટે લખણી લખાવતા હતા ?

**(૧) ગઢડા** (૨) ગોંડલ (૩) સારંગપુર — **૧.** [ ૧ ]

**૨.** મૂળજીને જ્યારે મહારાજે દર્શન દીધા ત્યારે મૂળજી શું કરતા હતા ?

(૧) નીંદણ (૨) શેરડીની રોપણી **(૩) વાઢમાં પાણી વાળતા** — **૨.** [ ૩ ]

**૩.** અરદેશર કોટવાલને મહારાજે શું આપ્યું ?

(૧) જરિયાન જામો **(૨) પાઘ** (૩) ચાખડી — **૩.** [ ૨ ]

**૪.** શાંતિલાલને પાર્ષદની દીક્ષા ક્યાં આપી ?

**(૧) અમદાવાદ** (૨) બોચાસણ (૩) ગોંડલ — **૪.** [ ૧ ]

**૫.** મૂળજીનો જન્મ ક્યારે થયો હતો ?

**(૧) શરદપૂનમે** (૨) પોષી પૂનમે (૩) ગુરુપૂનમે — **૫.** [ ૧ ]

**૬.** માંદા સાધુની સેવાથી રાજી થઈ મહારાજ સ્વામીને કેટલી વાર ભેટ્યા ?

(૧) ૧૫ **(૨) ૧૯** (૩) ૨૨ — **૬.** [ ૨ ]

**૭.** કચ્છના રાજાના મંત્રી કોણ હતા ?

(૧) જગજીવન (૨) પ્રાણજીવન **(૩) સુંદરજી સુતાર** — **૭.** [ ૩ ]

**૮.** જે ઘરમાં મંદિર ન હોય તે ઘર કેવું છે ?

**(૧) સ્મશાન તુલ્ય** (૨) અપવિત્ર (૩) નરક તુલ્ય — **૮.** [ ૧ ]

**૯.** મૂળજીનું નામ કોણે પાડ્યું ?

(૧) મુક્તાનંદ સ્વામીએ **(૨) રામાનંદ સ્વામીએ** (૩) સહજાનંદ સ્વામીએ — **૯.** [ ૨ ]

**૧૦.** યોગીજી મહારાજનો જન્મ ક્યા ગામમાં થયો હતો ?

**(૧) ધારી** (૨) અમરેલી (૩) મહેળાવ **૧૦.** | ૧ |

**૧૧.** મહારાજે પત્રમાં કેટલાં જણનાં નામ લખ્યા ?

(૧) ૧૭ **(૨) ૧૮** (૩) ૧૯ **૧૧.** | ૨ |

**૧૨.** પ્રાગજી ભક્ત મિત્રો સાથે ક્યા મંદિરે જતા ?

**(૧) લક્ષ્મીનારાયણ** (૨) હનુમાનગઢી (૩) રાધાકૃષ્ણ **૧૨.** | ૧ |

**૧૩.** 'ભજન ગાવાની ઉંમર' એ પ્રસંગ કોનો છે ?

(૧) શાંતિલાલનો **(૨) મૂળજી શર્માનો** (૩) ડુંગર ભક્તનો **૧૩.** | ૨ |

**૧૪.** ભગતજી મહારાજનો જન્મ ક્યારે થયો ?

**(૧) સંવત ૧૮૮૫** (૨) સંવત ૧૮૮૬ (૩) સંવત ૧૮૮૨ **૧૪.** | ૧ |

**૧૫.** સગરામના ઘરે મહારાજ શું જમ્યા ?

**(૧) દહીં-રોટલો** (૨) પુરી-અથાણું (૩) દૂધ-ભાત **૧૫** | ૧ |

**૧૬.** ડુંગરભક્તે કેટલા વર્ષની ઉંમરે ઘર છોડ્યું ?

(૧) ૧૪ **(૨) ૧૭** (૩) ૨૧ **૧૬.** | ૨ |

**૧૭.** દિવાળીનો તહેવાર મહારાજે ક્યાં ઉજવ્યો ?

(૧) મહુવામાં (૨) ગઢડામાં **(3) ભાદરામાં** **૧૭.** | 3 |

**૧૮.** પાપનો પર્વત કોણ હતો ?

(૧) જોબનપગી **(૨) મૂંજો સુરું** (૩) વાલેરો વરુ **૧૮.** | ૨ |

**૧૯.** જેતલપુરના યજ્ઞ વખતે મહારાજ બધાને કેટલું અનાજ દળવા આપતા ?

**(૧) દોઢ મણ** (૨) બે મણ (૩) અઢી મણ **૧૯.** | ૧ |

**૨૦.** અચલ યશનો ડુંગર કોણ ?

(૧) શાંતિલાલ (૨) ઝીણા ભગત **(3) ડુંગર ભગત** **૨૦.** | 3 |

**૨૧.** મૂળજીને સાધુની દીક્ષા ક્યાં આપી ?

(૧) જેતલપુરમાં **(૨) ડભાણમાં** (૩) વરતાલમાં **૨૧.** | ૨ |

**૨૨.** ખંભાતના નવાબે સ્વામી માટે શું મોકલાવ્યું ?

**(૧) ચાંદીની પાલખી** (૨) સોનાનો થાળ (૩) હાથીની સવારી **૨૨.** | ૧ |

**૨૩.** કોના ભાવને વશ થઈ મહારાજે ગઢડામાં મંદિર બાંધ્યું ?

(૧) જીવાખાચરના (૨) સૂરાખાચરના **(3) દાદાખાચરના** **૨૩.** | 3 |

**૨૪.** ડુંગર ભગતને સાધુની દીક્ષા કોણે આપી ?

(૧) રામાનંદ સ્વામીએ **(૨) વિહારીલાલજી મહારાજે** (૩) શ્રીજીમહારાજે **૨૪.** | ૨ |

**૨૫.** ગુણાતીત એટલે ?

**(૧) ગુણથી પર** (૨) ગુણોનો સાગર (૩) સત્ત્વગુણ **૨૫.** | ૧ |

**૨૬.** ગુણાતીતાનંદ સ્વામી કેટલા વર્ષની ઉંમરે ધામમાં પધાર્યા ?

(૧) ૮૦ (૨) ૮૧ **(3) ૮૨** **૨૬.** 3

**૨૭.** ઝીણાભાઈએ કોની સેવા કરી હતી ?

(૧) કરમશી વાળાની **(૨) કમળશી વાંઝાની** (૩) કરશન વાંકાની **૨૭.** ૨

**૨૮.** ડુંગર ભગતને દીક્ષા આપી શું નામ પાડ્યું ?

**(૧) યજ્ઞપુરુષદાસ** (૨) યજ્ઞચરણદાસ (૩) શાસ્ત્રીજી મહારાજ **૨૮.** ૧

**૨૯.** વરસતા વરસાદમાં સ્વામી ક્યાં ઊભા રહી મહારાજના દર્શનની વાટ જોતા હતા ?

(૧) ઓટલા પર **(૨) નેવા નીચે** (૩) અક્ષર ઓરડીએ **૨૯.** ૨

**૩૦.** કોના તેર પૈસાની મહારાજે જય બોલાવી ?

(૧) શિવરામ ભટ્ટના (૨) નથુરામ ભટ્ટના **(3) દૂબળી ભટ્ટના** **૩૦.** 3

**૩૧.** સુરતના પારસી હરિભક્તનું નામ શું હતું ?

**(૧) અરદેશર કોટવાલ** (૨) અરદેસર પંડિત (૩) જયકૃષ્ણ માંડવાળ **૩૧.** ૧

**૩૨.** એકાદશી ક્યારે આવે ?

(૧) મહિને **(૨) પંદર દિવસે** (૩) શ્રાવણ માસમાં **૩૨.** ૨

**૩૩.** ચંચળ મનને અચંચળ કર્યું તે પ્રસંગ ક્યાંનો છે ?

**(૧) સુરતનો** (૨) વડતાલનો (૩) અમદાવાદનો **૩૩.** ૧

**૩૪.** મહારાજના સંઘમાં હૂકા-અફીણનું વ્યસન કોને હતું ?

(૧) રામભાને **(૨) મૂળુભાને** (૩) નાથુભાને **૩૪.** ૨

**૩૫.** બગડેલો ઓટલો કોણે સાફ કરી નાંખ્યો ?

(૧) દાદાખાચરે **(૨) ઉંકાખાચરે** (૩) જીવાખાચરે **૩૫** ૨

**૩૬.** યોગીજી મહારાજની પ્રાર્થનાથી મહારાજ થાળમાંથી શું જમી ગયા ?

(૧) બટાકાવડા (૨) મોહનથાળ **(3) પાંચ લાડુ** **૩૬.** 3

**૩૭.** મહારાજે શરીરનો ત્યાગ ક્યારે કર્યો ?

**(૧) જેઠ સુદ-૧૦** (૨) અષાઢ સુદ-૧૦ (૩) શ્રાવણ સુદ-૧૦ **૩૭.** ૧

**૩૮.** દાસનું લક્ષણ શું ?

**(૧) કહે તેમ કરવું** (૨) વાળે તેમ વળવું (૩) માગે તે આપવું **૩૮.** ૧

**૩૯.** જગજીવનને કોણે મારી નાંખ્યો ?

(૧) સેનાપતિએ **(૨) જમાદારે** (૩) વજીરે **૩૯.** ૨

**૪૦.** ગુણાતીતાનંદ સ્વામી ધામમાં ક્યારે પધાર્યા ?

(૧) વૈશાખ સુદ બારશ (૨) શ્રાવણ સુદ નોમ **(3) આસો સુદ બારશ** **૪૦.** 3

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો. [૧૦]**

૧. 'ફાટેલી ગોદડી ઓઢીને સ્વામી સવારીમાં નીકળ્યા છે,' એ વાત સાંભળી નવાબે શું કહ્યું ?

**જ. નવાબ કહ્યું, ''નક્કી ઓલિયા ! મારે એ ઓલિયાના દર્શન કરવાં જોઈશે.''**

૨. ચાંદીની પાલખી કોણે મોકલાવી ? સ્વામી ચાંદીની પાલખીમાં શા માટે ન બેઠા ?

**જ. ખંભાતના નવાબે ચાંદીની પાલખી સ્વામીને મોકલાવી. સ્વામી તેમાં ન બેઠાં કારણ સાધુ ચાંદીની પાલખીમાં બેસે તે યોગ્ય ન કહેવાય.**

૩. ગામનાં ઠાકોરે સાધુઓને માર મારી ગામ બહાર ગાઢી મુક્યાં. સાધુઓએ ઠાકોર વિશે શું સાંભળ્યું ? ગુણાતીતાનંદ સ્વામીએ ઠાકોર માટે શું પ્રાર્થના / સંકલ્પ કર્યો ?

**જ. સાધુઓએ સાંભળ્યું કે, ''ઠાકોરને ઘેર સંતાન નથી. ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાનનું નામ લઈને પ્રાર્થના કરી કે ઠાકોરના ઘરે દીકરો થાય.''**

૪. શ્રીજી મહારાજે ક્યારે તેમના પાર્થિવ દેહનો ત્યાગ કર્યો ? (સંવત પ્રમાણે)

**જ. જેઠ સુદ દશમ, સંવત ૧૮૮૬**

૫. ગુણાતીતાનંદ સ્વામીએ રામા હાટીને શું પ્રશ્ન પૂછ્યો ?

**જ. ગુણાતીતાનંદ સ્વામીએ રામા હાટીને પૂછ્યું, ''આપણે મોતૈયા લાડુ, સાટા અને જલેબી સાવજને નાખીએ તો તે ખાય કે નહીં ?''**

૬. જ્યારે શ્રીજી મહારાજ સગરામના ઘરે આવ્યા ત્યારે તેને શું મુંઝવણ થઈ ?

**જ. સગરામને એ મુંઝવણ હતી કે મહારાજને ક્યાં બેસાડવા અને શું કરવું ?**

૭. શાંતિલાલનો જન્મ કયા ગામમાં થયો હતો ?

**જ. શાંતિલાલનો જન્મ ચાણસદમાં થયો હતો.**

૮. શ્રીજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને ૧૯ વખત શા માટે ભેટ્યા ?

**જ. સ્વામીએ ૧૯ માંદા સાધુઓની સેવા કરી હતી. તેથી મહારાજ તેમને ૧૯ વખત ભેટ્યાં.**

૯. ભગવાને આપણને બે હાથ શા માટે આપ્યા છે ?

**જ. બે હાથ પ્રભુનાં કાર્ય કરવા આપ્યાં છે.**

૧૦. ભગુભાઈ શા માટે રડવાં લાગ્યાં ?

**જ. સ્વામીએ ભગુભાઈને પૂછ્યું કે, ''અમદાવાદમાં ઊના પાણીનો ને ઊની રોટલીનો જોગ કેવો થયો ? તેથી ભગુભાઈ રડવા લાગ્યાં.''**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. જેના ગુરુ.....

**જ. જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઇ જાય ને પુરુષોત્તમને મેળવે.**

૨. આ લોકમાં.....

**જ. આ લોકમાં ડાહ્યો તો કોઇ પ્રભુ ભજતો નથી ને જે ગાંડો થાય તે ભજે છે.**

૩. આ તો ભગવાન.....

**જ. આ તો ભગવાન જેવા સાધુ છે, બાવા કે વૈરાગી નથી.**

૪. ભગવાન જીવના.....

**જ. ભગવાન જીવના ગુના સામું જોતા નથી, તે કોઇ જીવ ભગવાનની સ્મૃતિ કરીને એમ બોલે જે, 'હું ગુનેગાર છું' તો તેના ગુના ભગવાન માફ કરે છે.**

૫. ડાહ્યો હોય.....

**જ. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. ઢોલ નોબત વાજાં ......... પ્યારા સાથી.

**જ. ઢોલ નોબત વાજાં વગાડી શ્રીજી મહિમા ગાશું,**
**ધજા રાખી ઊંચે ઊંચે, દુનિયામાં લઇ જાશું.**
**સુખ આવે દુઃખ આવે, કોઇની ફિકર નથી,**
**અક્ષરધામમાં જાવું અમારે, સ્વામી પ્યારા સાથી.**

૨. અતિ મનોહરં ......... નિત્ય દર્શને ॥

**જ. અતિ મનોહરં સર્વ સુન્દરં તિલકલક્ષણં ચંચલેક્ષણં ।**
**વિબુધવન્દિતં સ્વામિનાથ તે વપુરિહાસ્તુનો નિત્ય દર્શને ॥**

૩. ભોળા થઈને ......... પ્રાણ અમારા.

**જ. ભોળા થઇને કરીએ અમે તો, ભાત ભાતની ભૂલો (૨)**
**પણ તુજને ન ભૂલીએ હરદમ, અમને ચડાવીએ ફૂલો (૨)**

૪. અન્યથા શરણં ......... ત્વં પુરુષોત્તમ ॥

**જ. અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ।**
**તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥**

૫. લવિંગ સોપારી ......... જે રામ બ્રહ્મચારી.

**જ. લવિંગ સોપારી ને પાનબીડી વાળી, તજ એલચી જાવંત્રી સારી,**

**નિશદિન આવો તો ભાવે કરી ભેટું, એમ માંગે જેરામ બ્રહ્મચારી.**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** તિલક-ચાંદલો

**૨.** અનાદિ કાળના સત્સંગી

**૩.** આપણાં સંતો